# જિલ્લા શિક્ષણ સમિતિ - કચ્છ.

## દ્વિતીય સત્રાંત કસોટી - 2023-2024

તા. : 20/04/2024 | ધોરણ :- 6 | ગુણ :- 80

વાર :- શનિવાર | વિષય :- સામાજિક વિજ્ઞાન | સમય :- 8.00 થી 11.00

---

**પ્ર-1 નીચે આપેલા દરેક પ્રશ્નના જવાબ માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધીને લખો.** (8)

1. ત્રિપિટક ગ્રંથો કયા ધર્મ સાથે જોડાયેલા છે ?
   (A) જૈન (B) બૌદ્ધ (C) શીખ (D) હિન્દુ
2. જૈન ધર્મમાં કુલ કેટલા તીર્થંકરો થઈ ગયા ?
   (A) ચોવીસ (B) અઢાર (C) વીસ (D) ત્રેવીસ
3. મહાવીર સ્વામીના મતે માનવસમાજનું સૌથી મોટું દૂષણ શું છે ?
   (A) અસ્તેય (B) અસત્ય (C) અહિંસા (D) હિંસા
4. ભારતમાં હિમાલય ક્ષેત્ર તરફ નેપાળની તરાઈમાં આવેલું એક ગણરાજ્ય કે જ્યાં ગૌતમ બુદ્ધનો જન્મ થયો હતો, તે કયું ગણરાજ્ય?
   (A) કપિલવસ્તુ (B) કુંડગ્રામ (C) પાવાપુરી (D) બોધિગયા
5. જ્ઞાનપ્રાપ્તિ બાદ ગૌતમ બુદ્ધે સૌપ્રથમ કયા સ્થળે ઉપદેશ આપ્યો ?
   (A) નાલંદા (B) સારનાથ (C) કુશીનારા (D) પાવાપુરી
6. જો તમે જૈનધર્મ વિશે જાણવા માંગો છો તમે નીચેનામાંથી કયા ગ્રંથોનો ઉપયોગ કરશો ?
   (A) વિનય પિટ્ટક (B) મહાભારત (C) ત્રિપિટક (D) આગમગ્રંથો
7. ગૌતમ બુદ્ધને કયા દિવસે જ્ઞાન પ્રાપ્ત થયું હતું ?
   (A) વૈશાખી પૂર્ણિમાના દિવસે (B) વૈશાખી અમાસના દિવસે
   (C) ચૈત્ર પૂર્ણિમાના દિવસે (D) ચૈત્ર અમાસના દિવસે
8. મહાવીર સ્વામીએ પોતાનો ઉપદેશ લોકોને કઈ ભાષામાં આપ્યો હતો ?
   (A) પ્રાકૃત અને પાલિ (B) સંસ્કૃત અને પ્રાકૃત
   (C) પ્રાકૃત અને અર્ધમાગધી (D) પાલી અને અર્ધમાગધી

**પ્ર-2 (અ) નીચેનાં વિધાનોની ખાલી જગ્યા પૂરો.** (8)

1. પુષ્યગુપ્તે સૌરાષ્ટ્રમાં આવેલ ગિરિનગર (જૂનાગઢ)માં ......... તળાવનું નિર્માણ કરાવ્યું હતું.
2. મેગેસ્થનિસે લખેલ પુસ્તક ..............માંથી મગધ સામ્રાજ્યની જાણકારી મળે છે.
3. .............. ગુપ્તવંશનો સૌથી પ્રતિભાશાળી શાસક હતો.
4. સમ્રાટ અશોકે ..............ના યુદ્ધ પછી શસ્ત્રનો ત્યાગ કરી બૌદ્ધ ધર્મ અપનાવ્યો હતો.
5. સમ્રાટ હર્ષવર્ધને .......... વિદ્યાપીઠને નિભાવ માટે 100 જેટલા ગામો ભેટમાં આપ્યા હતા.
6. ગુપ્તયુગ આર્થિક પરિસ્થિતિમાં ભારતનો .............. યુગ હતો.
7. મૌર્યયુગનું વહીવટી તંત્ર .............. ભાગમાં વહેંચાયેલું હતું.
8. ગુપ્ત સામ્રાજ્યના .............. શાસકને સિક્કામાં વીણા વગાડતો દર્શાવવામાં આવ્યો છે.

**પ્ર-2 (બ) નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.** (8)

1. ચાણક્યએ અર્થશાસ્ત્ર નામના ગ્રંથની રચના કરી હતી.
2. મૌર્યયુગમાં લશ્કર ખાતાના ઉપરીને સેનાની તરીકે ઓળખવામાં આવતો હતો.
3. ગુપ્તયુગ દરમિયાન રાજા કુલ ઉત્પાદનનો ત્રીજો ભાગ કર તરીકે લેતા હતા.
4. કાલિદાસને ભારતના 'શેક્સપિયર' તરીકે ઓળખવામાં આવે છે
5. ગુપ્ત શાસનતંત્રમાં સમ્રાટ વહીવટીતંત્રના કેન્દ્રસ્થાને હતો.
6. મૌર્યયુગના વહીવટીતંત્રનું નાનામાં નાનું એકમ પ્રાંત તરીકે ઓળખાતું હતું
7. ગ્રાન્ડ ટ્રંક રોડ એશિયા ખંડનો સૌથી જૂનો અને લાંબો મુખ્ય રોડ છે.
8. પુલકેશી બીજાએ 'દક્ષિણપથના સ્વામી'નું બિરુદ પ્રાપ્ત કર્યું હતું.

**પ્ર-3 નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ લખો.** (10)

1. ઈતિહાસવિદો કલાને કેટલા ભાગમાં વહેંચે છે ? કયા કયા ?
2. તફાવત આપો : ધાર્મિક સાહિત્ય અને ધર્મેતર સાહિત્ય
3. કારણ આપો : પ્રાચીન ભારતમાં આધુનિક કક્ષાની શિક્ષણ પદ્ધતિ પ્રવર્તમાન હતી. **અથવા**
   ધારો કે તમે પ્રાચીન ભારતની શિક્ષણ સંસ્થા તક્ષશિલાના વિદ્યાર્થી છો તો તમે કેવા-કેવા વિષયોનું શિક્ષણ મેળવશો ?
4. પ્રાચીન ભારતમાં કયા-કયા વિદેશી મુસાફરો કે પ્રવાસીઓ આવ્યા હતા ?
5. પ્રાચીન સમયમાં ભારતથી સ્થળમાર્ગે અને બંદરોના માધ્યમથી કઈ-કઈ ચીજવસ્તુઓની આયાત-નિકાસ થતી હતી ?

**પ્ર-4 (અ) નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ લખો.** (10)

1. નીચે આપેલ પર્વતોનું ગેડ પર્વત અને ખંડ પર્વતમાં વર્ગીકરણ કરો.
(હિમાલય, સાતપુડા, નીલગીરી, આલ્પ્સ)

| ગેડ પર્વત | ખંડ પર્વત |
|---|---|

2. જે ભૂમિભાગ ચારેબાજુથી જળવિસ્તારથી ઘેરાયેલ હોય તેને શું કહેવાય છે ? તેનું એક ઉદાહરણ આપો
3. પર્વતો આપણને કઈ-કઈ રીતે ઉપયોગી છે ?
4. કારણ આપો : મેદાન પ્રદેશો માનવી માટે ખૂબ જ ઉપયોગી છે. **અથવા**
ઉચ્ચપ્રદેશનું મહત્ત્વ ટૂંકમાં જણાવો.
5. નિર્માણના આધારે મેદાનોને કેટલા ભાગમાં વર્ગીકૃત કરી શકાય ? કયા-કયા ?

**પ્ર-4 (બ) તમને આપેલા ભારતના રેખાંકિત નકશામાં નીચે આપેલી વિગતો યોગ્ય સ્થાને નામ સાથે દર્શાવો.** (6)

1. નર્મદા નદી
2. અરબ સાગર
3. અંદમાન અને નિકોબાર ટાપુ
4. પશ્ચિમ ઘાટ
5. ગુજરાત રાજ્ય
6. ભારતીય મહામરુસ્થલ

**પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓએ નકશાપૂર્તિના બદલે નીચેના પ્રશ્નોના જવાબ લખવા.**

1. નર્મદા નદી કયા સાગરને મળે છે ?
2. ગુજરાતના કયા ક્ષેત્રોમાં ઘુડખર જોવા મળે છે ?
3. ગંગાના મુખત્રિકોણ પ્રદેશમાં આવેલ સુંદરવનનું જંગલ કયા પ્રકારનું જંગલ છે ?
4. સૂકાં ઝાંખરાંવાળા જંગલોમાં કેવા પ્રકારના વૃક્ષો જોવા મળે છે ?
5. ભારતમાં કઈ-કઈ ઋતુઓનો અનુભવ થાય છે ?
6. હિમાલયની પર્વતમાળા ભારતના કયા ભાગમાં આવેલ છે ?

**પ્ર-5 માગ્યા મુજબ કરો.** (6)

● **નીચે આપેલ રૂઢસંજ્ઞા ઓળખો.**

1. 
2. 
3 


● **નીચે આપેલ શબ્દો માટે રૂઢસંજ્ઞા દોરો.**

4. રેલમાર્ગ
5. નદી
6. જિલ્લાની સીમા

**પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓએ ઉપરના દરેક પ્રશ્નોના બદલે નીચેના પ્રશ્નોના જવાબ લખવા.**

1. નકશા શબ્દનો અંગ્રેજી પર્યાય શબ્દ કયો છે ?
2. નકશાનાં મુખ્ય અંગો જણાવો.
3. ભારત એશિયા ખંડમાં કયા ભાગમાં આવેલો છે ?
4. નકશામાં ખેતી માટે કયો રંગ વપરાય છે ?
5. કયા પ્રકારના નકશામાં પર્વતો, ઉચ્ચપ્રદેશો, મેદાનો વગેરે દર્શાવેલ હોય છે ?
6. વર્તમાન ભારતમાં કેટલા રાજ્યો આવેલા છે ?

**પ્ર-6 બંધબેસતા જોડકા જોડો.** (5)

| 'અ' | 'બ' |
|---|---|
| 1. ગ્રામ પંચાયત | (A) તાલુકા પંચાયતના વહીવટી વડા |
| 2. નગરપાલિકા | (B) સરપંચ |
| 3. જિલ્લા પંચાયત | (C) શહેરી પ્રશાસન |
| 4. કલેક્ટર | (D) પંચાયતી રાજમાં સૌથી ઉપરનું સ્તર |
| 5. તાલુકા વિકાસ અધિકારી | (E) જિલ્લા ન્યાયાધીશ |

**પ્ર-7 નીચેના પ્રશ્નોના સવિસ્તર જવાબ લખો.** (9)

1. ગ્રામસભા વિશે સવિસ્તાર ચર્ચા કરો.
2. નગરપાલિકાના કાર્યો મુદ્દાસર લખો.
3. લોકઅદાલત વિશે સમજાવો. **અથવા**
ભવિષ્યમાં તમે જિલ્લાના કલેક્ટર તરીકે નિમણૂંક મેળવો છો તો તમે કેવી ભૂમિકા અદા કરશો.

**પ્ર-8 નીચેના પ્રશ્નોનાં ટૂંકમાં જવાબ આપો.** (10)

1. શહેરોમાં જીવનનિર્વાહ માટે લોકો કેવી પ્રવૃત્તિ કરે છે ?
2. તમારા વિસ્તારમાં ખેતીના કેવા-કેવા પાકો જોવા મળે છે ?
3. દરિયામાં માછલી પકડવામાં કેવી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે ?
4. તમે ભવિષ્યમાં જીવનનિર્વાહ માટે કયો વ્યવસાય પસંદ કરશો ? શા માટે ? **અથવા**
તમારી આસપાસના લોકો કેવા-કેવા વ્યવસાયો સાથે જોડાયેલા છે ?
5. તફાવત આપો : શહેરમાં જીવનનિર્વાહ અને ગામડામાં જીવનનિર્વાહ

★